# Music



6


નિર્માણ

ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

મુદ્રણ

ગુજરાત રાજ્ય શાળા
પાઠ્યપુસ્તક મંડળ
ગાંધીનગર


શિક્ષક-આવૃત્તિ

# સંગીત

**પ્રથમ સત્ર**

•

**દ્વિતીય સત્ર**





## ધોરણ 6

શિક્ષક-આવૃત્તિ

# સંગીત

## ધોરણ 6

(પ્રથમ સત્ર • દ્વિતીય સત્ર)

### પ્રતિજ્ઞાપત્ર

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારાં ભાઈબહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ
અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

નિર્માણ
ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

મુદ્રણ
ગુજરાત રાજ્ય શાળા
પાઠ્યપુસ્તક મંડળ
ગાંધીનગર

© ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર
આ પાઠ્યપુસ્તકના સર્વ હક ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને આધીન છે. આ પાઠ્યપુસ્તકનો કોઈ પણ ભાગ કોઈ પણ રૂપમાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના નિયામકની લેખિત પરવાનગી વગર પ્રકાશિત કરી શકાશે નહિ.

**નિર્માણ-સંયોજન :**
ડૉ. ટી. એસ. જોષી
હરેશ ચૌધરી
ઈકબાલ ડી. વૉરા
ચંદ્રેશ પી. પાલ્લીઆ

**સહ-કન્વીનર :**
શૈલેષગીરી બાવા

**લેખન-સંપાદન :**
ધીરેનભાઈ પટેલ
યોગેન્દ્રસિંહ સરવૈયા
આરતી શર્મા
ગાયત્રી સોની
મીનલબેન ભટ્ટ
અનુપ જૈન
જીગર જોશી
નેહાબેન રાવલ
દિપ્તેશ મેસરીયા
રેખાબેન દવે
ચંદ્રકાન્ત પ્રજાપતિ
અલ્કેશ ભટ્ટ
કૃતિબેન અંતાણી
મહેશ વણકર
ઉમેશ કાબરિયા
દર્શનબેન જગતાપ
અતુલ સોલંકી

**ચિત્રાંકન :**
જ્યોતિ ખત્રી

**ટાઈટલ ડિઝાઈન :**
ધર્મેશ જે. ચાવડા

**મુદ્રણ-આયોજન**
શ્રી હરેશ એસ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : ઉત્પાદન)

## પ્રસ્તાવના

RTE-2009 તેમજ NCF-2005 ને ધ્યાનમાં રાખીને સમગ્ર દેશમાં પ્રાથમિક શિક્ષણના અભ્યાસક્રમ, પાઠ્યક્રમ અને પાઠ્યપુસ્તકો તેમજ સમગ્ર શિક્ષણ-પ્રક્રિયામાં બદલાવ થઈ રહ્યો છે. આ બદલાવ મુખ્યત્વે જે-તે વિષયો અંગેની આપણી સમજ તેમજ શિક્ષણ-પ્રક્રિયા અંગેની સમજ અંગેનો છે. બાળકની સર્જનશીલતા, વિચારશક્તિ, તર્કશક્તિ અને પૃથક્કરણ કરવાની આવડત વિકસે એ નવા અભ્યાસક્રમનો મુખ્ય હેતુ છે. આ પાઠ્યપુસ્તકોમાં આપવામાં આવેલી પ્રવૃત્તિઓ એવી રીતે યોજવામાં આવી છે કે જેથી પ્રવૃત્તિ પછી એ અંગે ચર્ચા અથવા ચિંતન થાય, ઉપયોજન થાય અને શું શીખ્યા એ પણ તારવી શકાય. બાળકોને અવારનવાર વ્યક્તિગત રીતે તેમજ સામૂહિક રીતે નાનાં કે મોટાં જૂથમાં કામ કરવાનો - ભણવાનો અવસર મળે એવી અધ્યયન-પ્રક્રિયામાં મદદરૂપ બને એવાં પાઠ્યપુસ્તકો બનાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. અલબત્ત, નવા અભ્યાસક્રમ મુજબ પાઠ્યપુસ્તક પોતે પણ આખરે તો એક અધ્યયન-સામગ્રી છે, લક્ષ્ય નથી. મતલબ કે સાધન છે, સાધ્ય નથી. તેથી પાઠ્યપુસ્તક પોતે સમગ્ર શિક્ષણનું સાધન ન જ બની શકે તેમ છતાં એવું જરૂર કહી શકાય કે પ્રવૃત્તિલક્ષી શિક્ષણની આ તરાહ કદાચ સૌપ્રથમ વાર પ્રયોજાઈ રહી છે. આશા છે કે આ પાઠ્યપુસ્તકોના ઉપયોગ દ્વારા અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા સરળ તેમજ રોચક બનશે.

નવા અભ્યાસક્રમ, પાઠ્યક્રમ અને પાઠ્યપુસ્તકોના નિર્માણની સમગ્ર પ્રક્રિયામાં માન. અગ્રસચિવશ્રી તેમજ પ્રાથમિક શિક્ષણ અગ્રસચિવશ્રી તરફથી સતત પ્રેરણા અને પ્રોત્સાહન મળી રહ્યાં છે.

આ સમગ્ર પ્રક્રિયામાં IGNUS-erg ટીમના સભ્યોએ પણ સતત માર્ગદર્શન આપતા રહીને સ્ટેટ રિસોર્સ જૂથના સભ્યોને સજ્જ બનાવ્યા છે. UNICEF નો સહયોગ પણ આ આખી પ્રક્રિયા દરમિયાન મળ્યો છે. જે-તે વિષયના કૉર ગ્રૂપના સભ્યોએ પણ વખતોવખત સહયોગ આપ્યો છે.

ધોરણ 1 થી 8માં સંગીત કલાની શિક્ષક-આવૃત્તિ ક્ષતિરહિત બનાવવા પ્રયત્ન કર્યો છે છતાં ક્ષતિ રહી ગઈ હોય તો ધ્યાન દોરવા વિનંતી છે.

શુભેચ્છા સહ.

| | |
|---|---|
| **એમ. ટી. શાહ** | **એચ. કે. પટેલ GAS** |
| નિયામક | નિયામક |
| જી.સી.ઈ.આર.ટી. | ગુ.રા.શા.પા.મંડળ |
| ગાંધીનગર | ગાંધીનગર |

તા. 1-3-2013

પ્રથમ આવૃત્તિ : 2012, પુનર્મુદ્રણ : 2013

**પ્રકાશક** : ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, 'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર વતી એચ. કે. પટેલ, નિયામક

**મુદ્રક** :

# મૂળભૂત ફરજો

ભારતના દરેક નાગરિકની ફરજો નીચે મુજબ રહેશે :*

(ક) સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;

(ગ) ભારતના સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની;

(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની;

(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(છ) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;

(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;

(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની;

(ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

(ઠ) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે એ માટે, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની.

*ભારતનું સંવિધાન : કલમ 51-क

# અભ્યાસક્રમ

## પ્રથમ સત્ર


| | | | |
|---|---|---|---|
| ધોરણ | 6 | ગુજરાતી | 10 |
| કાવ્ય | 2 | જીવનજ્યોત | 10 |
| પાઠ | 4 | મૂકસેવક મહારાજ | 11 |
| પાઠ | 6 | લેખણ ઝાલી નો રહી | 11 |
| કાવ્ય | 7 | પગલે પગલે | 13 |
| પાઠ | 8 | બિલબલની યુક્તિ | 13 |
| પાઠ | 9 | પંખીની પાંખમાં પાદર | 13 |
| ધોરણ | 6 | હિન્દી | 10 |
| એકમ | 1 | डाक जगत, डाक लोक | 14 |
| એકમ | 3 | समझदार नन्हीं | 15 |
| એકમ | 4 | गिनती | 16 |
| ધોરણ | 6 | સામાજિક વિજ્ઞાન | 16 |
| એકમ | 2 | ચાલો, નકશો સમજીએ | 16 |
| એકમ | 5 | આપણું ઘર પૃથ્વી | 17 |
| એકમ | 6 | સ્થાયી જીવનની શરૂઆત | 17 |
| એકમ | 7 | ગુજરાત : સ્થાન, સીમા અને ભૂપૃષ્ઠ | 18 |
| એકમ | 8 | વિવિધતામાં એકતા | 19 |
| ધોરણ | 6 | વિજ્ઞાન અને ટેક્નોલૉજી | 20 |
| પાઠ | 1 | ચુંબક : નાટ્યીકરણ (પાત્રપરિચય) | 20 |
| પાઠ | 2 | સજીવ-નિર્જીવ | 20 |
| પાઠ | 4 | બીજ | 21 |
| પાઠ | 5 | વનસ્પતિને ઓળખીએ | 21 |
| પાઠ | 6 | પાણી | 22 |
| પાઠ | 10 | ધ્વનિ | 23 |
| ધોરણ | 6 | શાસ્ત્રીય સંગીત | 24 |


## દ્વિતીય સત્ર


| | | | |
|---|---|---|---|
| ધોરણ | 6 | ગુજરાતી | 28 |
| એકમ | 10 | આલાલીલા વાંસળિયા | 28 |
| એકમ | 12 | રાવણનું મિથ્યાભિમાન | 29 |
| એકમ | 13 | સાગરકાંઠાનો પ્રવાસ | 30 |
| એકમ | 15 | ગુજરાત મોરી મોરી રે | 31 |
| એકમ | 16 | માતૃહૃદય | 32 |
| એકમ | 17 | સુગંધ કચ્છની | 34 |
| પૂરક વાચન | | | |
| એકમ | 3 | રૂપાળું મારું ગામડું | 35 |
| ધોરણ | 6 | હિન્દી | 36 |
| એકમ | 9 | इतनी शक्ति हमें देना दाता | 36 |
| એકમ | 10 | अनूठे इन्सान | 36 |
| એકમ | 11 | जरा मुस्कुराइए | 37 |
| એકમ | 12 | पुस्तक हमारी मित्र (पत्र) | 38 |
| એકમ | 13 | जय विज्ञान की | 38 |
| એકમ | 14 | न्याय | 39 |
| એકમ | 15 | यह भी एक परीक्षा | 40 |

# અભ્યાસક્રમ

## વિષય : સંગીત

### ધોરણ ૧થી ૮

ગાયન, વાદન અને નર્તનનો સમન્વય એટલે સંગીત. સંગીતનું મૂળ ભૌતિક સ્વરૂપ ધ્વનિ છે. સૃષ્ટિની ઉત્પત્તિ ધ્વનિમાંથી થઈ છે, તેથી સંગીતને નાદબ્રહ્મ કહે છે. આપણે સૌ પણ નિત્ય ધ્વનિથી વીંટળાયેલા હોઈએ તેવો અનુભવ કરીએ છીએ. માનવના આ વ્યક્તિત્વ વિકાસ પર ધ્વનિનો બહુ મોટો પ્રભાવ હોય છે. વિદ્યાર્થીના જીવનમાં વ્યવસ્થિતા, સૌંદર્ય, કલાત્મકતા આવે અને સર્વાંગી વિકાસ થાય એ માટે સંગીત વિષયનું શિક્ષણ જરૂરી છે. ભતૃહરિ 'નીતિશતક' ગ્રંથમાં કહે છે, "સાહિત્ય અને સંગીતકલા વગરના મનુષ્યનું જીવન પશુ સમાન છે."

### હેતુ :

(1) વિદ્યાર્થીઓમાં સંગીત માટે રસ ઉત્પન્ન કરવો તેમજ કેળવવો અને તેઓ જીવનમાં સંગીતનો સાત્વિક આનંદ માણી શકે અને વિશુદ્ધ સંગીત સાંભળી શકે, તેની કદર કરી શકે તથા જેનામાં સંગીતની સુષુપ્તશક્તિ પડેલી હોય તેને બહાર લાવી તેનો વિકાસ કરવા માટેનો પાયો નાખવો.

(2) બાળકો પોતાની શાળામાં ગવાતાં પ્રાર્થના-ગીતો, ભજન, રાષ્ટ્રગાન, પ્રેરણાગીતો, ઋતુગીતો, ઉત્સવગીતો, લોકગીતો, બાળગીતો, રાષ્ટ્રગીત કે કૂચગીતો તેમજ જન્મદિવસ-ગીતો અને સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં કે એવે પ્રસંગે તેમાં આવતાં ગીતો ભાવવાહી રીતે અને લયબદ્ધ રીતે રજૂ કરી શકે અને તેમને સ્પષ્ટ ઉચ્ચારણ અને અવાજ કાઢવાની સાચી ટેવો પડે તેમજ શ્વાસોચ્છ્વાસની વૈજ્ઞાનિક દૃષ્ટિ કેળવાય.

(3) ધોરણ 6 થી 8ના જે વિદ્યાર્થીઓ ગાયન-વાદનમાં ખાસ કુદરતી શક્તિઓ ધરાવતા હોય તેવાને તેમની શક્તિઓનો વિકાસ કરવાની તક મળે અને પ્રોત્સાહન મળે.

(4) સંગીતનાં ત્રણ પાસાંઓ ગાયન, વાદન અને નૃત્યની સમજ કેળવે તેમજ સંગીતનાં વાદ્યોથી પરિચિત થાય જેના દ્વારા સર્જન-શક્તિનો વિકાસ થાય. ઉચ્ચ પ્રાથમિકમાં વિદ્યાર્થીઓ શાસ્ત્રીય સંગીત પ્રત્યે અભિમુખ થાય તેવા સરળ અલંકાર, રાગ, તાલ મૂકવામાં આવ્યા છે, જે શિક્ષક વિદ્યાર્થીઓની ક્ષમતા મુજબ શીખવશે.

(5) સંગીતકલા તથા નાટ્યકલા (સ્ટેચ્યુ, એકપાત્રીય અભિનય, વેશભૂષા, ભવાઈ, મોક અભિનય, મ્હોરા) દ્વારા બાળકની શરમ, સંકોચ, ક્ષોભ દૂર થશે, આત્મવિશ્વાસ વધશે. તેના દ્વારા તેની અભિવ્યક્તિ ખીલી ઊઠશે.

(6) બાળકો પોતાના પ્રદેશમાં થતાં લોકનૃત્યો વિશે જાણે અને સમૂહમાં લોકનૃત્યો રજૂ કરે. ધોરણ 1થી 5નાં બાળકો બાળગીતોની સાથે અભિનય-ગીતો પણ શીખે.

(7) ગુજરાતનું લોકસંગીત જેમાં દુહા, છંદ, રાસ, ગરબા, લોકગીતો, ભજનોને સાંભળે અને તેનું ગાન કરે.

(8) બાળક સૂરીલું, લયબદ્ધ અને તાલબદ્ધ બને.

(9) વિવિધ લાગણીઓના અસરકારક અનુભવ આપી શકાય.

(10) બાળકનો આત્મવિશ્વાસ કેળવાય, શ્રવણ-કૌશલ્ય વિકસે.

(11) બાળકનો શારીરિક, માનસિક, સામાજિક અને ભાવાત્મક વિકાસ થાય.

## સંગીત શીખવાનું મુખ્ય લક્ષ્ય અને તેનું મહત્ત્વ

- બાળકના સર્વાંગી વિકાસમાં સંગીત શીખવું એ ખૂબ મહત્ત્વનું છે.
- સંગીત દ્વારા બાળકના હૃદયની કેળવણી થાય છે. જીવનમાં આધ્યાત્મિક અને ભાવાત્મક પાસાંઓના વિકાસ માટે સંગીત શીખવવું એ ખૂબ જરૂરી છે.
- માનસિક તનાવ અને લાગણીઓ પર કાબૂ મેળવવા માટે સંગીતકલા જરૂરી છે.
- સંગીત વિષયમાં બાળકની રસ-રુચિ વિકસતા અન્ય વિષયો પણ સરળતાથી શીખી શકે છે.
- સંગીત એક યોગ છે જેથી તેની અન્ય વિષય શીખવાની એકાગ્રતા વધે છે.

### લક્ષ્ય

શ્રવણ, ગાયન, વાદન, નૃત્ય તેમજ નાટ્ય જેવા કૌશલ્યોનો વિકાસ કરવો.

## શીખવવાના લક્ષ્યોનો સમૂહ

વર્ષ દરમિયાન સંગીતકલા શીખવાનાં કૌશલ્યો

શ્રવણ :

ગાયન :

વાદન :

નૃત્ય :

નાટ્ય :

### ✤ શ્રવણ ✤

- જુદા જુદા પ્રકારનાં ગીતો, ભજનો, કવિતાઓ, રાષ્ટ્રગાન (જન ગણ મન...), રાષ્ટ્રગીત (વંદેમાતરમ્...), ભજન, લોકગીતો, પ્રાર્થનાગીતો, પ્રેરણાગીતો, પ્રકૃતિગીતો, રાષ્ટ્રીય ચેતનાનાં ગીતો, ઉત્સવ-ગીતો, ઋતુગીતો વગેરેનું શ્રવણ કરાવવું. (જો શિક્ષક સારું ગાઈ શકે તો જાતે ગાઈને બાળકોને સંભળાવશે અથવા ઑડિયો સીડી, કેસેટ પ્લેયર દ્વારા સંભળાવશે.)
- ગીતના ભાગો જેવા કે સ્થાયી, અંતરા, ટેક વગેરે સમજાવવું.

## ❖ ગાયન ❖

- સાંભળેલાં ગીતો શિક્ષક બાળકોને ગવડાવશે, સ્થાયી, અંતરા, ટેક આરોહ-અવરોહ સાથે બાળકો ગાશે.

## ❖ વાદન ❖

- હારમોનિયમ, તબલા, ઢોલક, ઢોલ, મંજીરા, ખંજરી, ઝાંઝ, કરતાલ જેવાં વાદ્યોનું બાળકોને વાદન કરતાં શીખવશે, જે બાળકોને વાદ્યો શીખવામાં રસ-રુચિ હોય તેવાં બાળકોને પસંદ કરીને શિક્ષક વાદ્યોની ઓળખ કરાવશે, ત્યાર બાદ તેને શીખવશે.
- પ્રારંભિક તાલ શીખવશે. જેવા કે હિંચ, દિપચંદી, દાદરા, કહેરવા વગેરે. જેમાં વિલંબિત લય, મધ્યલય, ધૃતલય વગેરેનું જ્ઞાન આપશે. બાળકોને વગાડતાં શીખવશે.

## ❖ નૃત્ય ❖

- રસ-રુચિ ધરાવતાં બાળકોને પ્રાદેશિક કક્ષાએ થતાં લોકનૃત્યો શિક્ષક કરાવશે, એની વીસીડી વગેરે બતાવીને પણ તૈયાર કરાવી શકે.
- પોતાના વિસ્તારમાં થતા ગરબા, રાસ, લોકનૃત્યો વગેરે શીખવશે, તેની સાથે-સાથે જે બાળકો નૃત્યમાં વિશેષ રસ-રુચિ ધરાવે છે તેને શાસ્ત્રીય નૃત્ય કે સારા ફિલ્મી કલાત્મક નૃત્યો પણ કરાવશે. દરેકને બાળ અભિનય-ગીતો અવશ્ય કરાવશે જ તથા નવરાત્રિના રાસ-ગરબા પણ જે-તે તહેવારના સમયે કરાવશે.

## ❖ નાટક ❖

- પ્રસંગોપાત શાળામાં ઊજવાતા ઉત્સવોમાં નાટકો ભજવાય, જેમાં રસ ધરાવતાં તમામ બાળકો ભાગ લેતાં થાય, સંવાદો રચે, હાવભાવ સાથે રજૂ કરતાં થાય, પાઠ્યપુસ્તકોમાં આવતા એકમોને આધારે વર્ગખંડમાં નાટ્યીકરણ દ્વારા યોગ્ય રજૂઆત કરતાં શીખવશે.

# ❖ બાળનાટક ❖

- બાળનાટક એ રસપ્રદ શૈક્ષણિક પ્રવૃત્તિ છે.
- બાળકમાં રહેલી કુદરતી અનુકરણ અને અભિનયની વૃત્તિઓને માર્ગ આપે છે કે ઊર્ધ્વીકરણ કરે છે.
- બાળકો અવાર-નવાર વાર્તા સાંભળે પછી તેમને એ વાર્તાનું નાટક કરવા સૂચવવું. પાત્ર-પસંદગી કર્યા પછી બાળક પોતાના અવલોકનના આધારે કયું પાત્ર કેમ વર્તે તે સમજીને અભિનય કરશે. દા.ત., સિપાહીનું પાત્ર રોફથી ચાલશે, ભરવાડનું પાત્ર ખભે લાકડી રાખી ચાલશે.
- બાળનાટકમાં સ્ક્રીપ્ટ લખવાની જરૂર નથી. બાળકો પોતાની સ્મરણ-શક્તિથી સંવાદો બોલશે.
- બાળનાટક માટે રંગભૂમિ, મંચ કે સજાવટની જરૂર નથી. રોજિંદા પોશાકમાં સહેજ ફેરફાર કરવાથી કામ ચાલશે. નાનકડી લાકડી બંદૂક, તલવાર બધામાં ચાલે. ખૂટતી વસ્તુ કે ભાવ પોતાની કલ્પના-શક્તિથી ઉમેરી લેશે.
- શિક્ષકે પણ બાળક સાથે નાટકમાં ઊતરવું અને રાજાનો નહિ પણ સિપાહીનો પાઠ ભજવવો.

## ધ્યાનમાં રાખવાની બાબતો

- ગીત-સંગીત સાદું, સરળ અને બાળકોની વયકક્ષાને અનુરૂપ હોવું જોઈએ.
- ઋતુ, તહેવાર, ઉત્સવ, પ્રસંગ, વિષયને અનુરૂપ ગીતની પસંદગી કરવી જોઈએ.
- ગીત ગાવું, ગવડાવવું પણ ગોખાવવું નહિ.
- દરેક બાળકને તક આપવી જોઈએ અને સંગીતના સાધનોનો ઉપયોગ કરવો.
- દશ્ય-શ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરવો.

- ઈન્ટરનેટના માધ્યમ દ્વારા પસંદગીનાં ગીતો શોધવાં, પ્રિન્ટ કાઢીને, બાળકોને લખાવવા, રાગગીત (ઑડિયો) સંભળાવવું, ત્યાર બાદ ગવડાવવું. નેટ પરથી સંગીતનાં વાદ્યોમાં વિશિષ્ટ વાદ્યોનો, રાગોનો, સંગીતકારોનો પરિચય કરાવવો. સુંદર સમૂહ નૃત્યો, આપણા પરંપરાગત રાસ-ગરબા, આદિવાસી નૃત્યો, ભવાઈ, નાટકો વગેરે પણ નેટ પરથી ડાઉનલોડ કરીને બાળકોને બતાવવા, જેથી તેનામાં દૃષ્ટિ વિકસશે.
- શિક્ષકને મદદરૂપ થવા માટે અહીં કેટલાંક ગીતો વગેરે આપવામાં આવ્યું છે પણ એવો આગ્રહ નથી કે આજ ગીત કે રાગ, તાલ, અલંકાર કરાવવા. શિક્ષક પાસે વધુ સારાં ગીતો, વિવિધ પ્રકારનાં ગીતો, રાગ, તાલ, અલંકાર હોય તો શિક્ષક પોતાની વિવેક બુદ્ધિનો ઉપયોગ કરીને બાળકોને કરાવી શકે છે.
- પહેલા જ ધોરણમાં બાળક બધુ માન્ય ભાષામાં ન ગ્રહણ કરી શકે તે સ્વાભાવિક છે તેથી જે-તે વિસ્તાર-પ્રદેશનાં બાળકો સમજી શકે તેવી બોલીનાં ગીતો પણ કરાવી શકાય.
- રાષ્ટ્રગાન (જન-ગણ-મન), રાષ્ટ્રગીત (વંદેમાતરમ્) પૂરા આદર સાથે ગવાય તે ખૂબ જરૂરી છે. તેના રાગ-ઢાળ-તાલ, સમય-મર્યાદા વગેરે જીસીઈઆરટી દ્વારા નિર્માણ થયેલ ઑડિયો-સીડી "સામુદાયિક ગાન-2011"માં છે. ઉપરાંત જન્મદિવસ-ગીત, પ્રેરણાગીત અને અઠવાડિયાની પ્રાર્થનાઓ પણ આપવામાં આવી છે, જેનું બાળકોને શ્રવણ કરાવવું પછી ગવડાવવું.
- ગાયનમાં તથા વાદનમાં વિશેષ શક્તિ અને કૌશલ્ય ધરાવતાં બાળકોને અલગ તારવીને સંગીતવૃન્દ પણ તૈયાર કરવું. જેથી સાંસ્કૃતિક કાર્યક્રમોમાં વિશેષ મદદરૂપ થશે તથા ભવિષ્યમાં સંગીત વિષયમાં પોતાનું કેરિયર પણ બનાવી શકે.
- પ્રાર્થના-કાર્યક્રમમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં, રાષ્ટ્રીય પર્વોમાં, સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ગાયન, વાદન, નૃત્ય, નાટ્યની પ્રવૃત્તિને પ્રાધાન્ય આપવું.

# ❁ મૂલ્યાંકન ❁

- બાળકોને પ્રાર્થના-કાર્યક્રમમાં ભજન, ધૂન, બાળગીત ગવડાવી ગાન-કૌશલ્યનું મૂલ્યાંકન થઈ શકે. (અનૌપચારિક મૂલ્યાંકન)
- બાલસભા, સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરીને પણ મૂલ્યાંકન કરી શકાય. (અનૌપચારિક મૂલ્યાંકન)
- અભિનય-ગીત વર્ગમાં, બાલસભામાં, સાંસ્કૃતિક કાર્યક્રમોમાં કરાવી નૃત્યનું મૂલ્યાંકન થઈ શકે. (અનૌપચારિક મૂલ્યાંકન)
- પ્રાર્થનામાં વાદન માટે સાધનો (વાદ્યો) આપી સહજ રીતે વાદન-કૌશલ્યનું મૂલ્યાંકન કરી શકાય. (અનૌપચારિક મૂલ્યાંકન)
- શાળામાં વિવિધ વર્ગો વચ્ચે ગાયન, વાદન, નૃત્ય કે નાટકને લગતી પ્રવૃત્તિઓ યોજી મૂલ્યાંકન કરી શકાય. (અનૌપચારિક મૂલ્યાંકન)

ઔપચારિક મૂલ્યાંકન માટે નીચે પ્રમાણે વર્ગીકરણ કરવું :

| ક્ષેત્ર | A<br>ઉત્તમ | B<br>સારું | C<br>મધ્યમ | D<br>સાધારણ |
|---|---|---|---|---|
| લયબદ્ધતા (ગાયન-વાદન) | | | | |
| તાલબદ્ધતા (ગાયન-વાદન) | | | | |
| ઉચ્ચારશુદ્ધિ (ગાયન) | | | | |
| આરોહ-અવરોહની યોગ્યતા (ગાયન) | | | | |
| ભાવવાહિતા (ગાયન-નૃત્ય-નાટ્ય) | | | | |
| સંવાદની છટા (નાટ્ય) | | | | |
| અભિનય-હાવભાવ (નૃત્ય) | | | | |
| આત્મવિશ્વાસ | | | | |
| સમગ્ર રજૂઆત | | | | |

ધોરણ પ્રમાણે ગીતો / કૃતિઓની સંખ્યા આપી છે તે પ્રમાણે બાળકોને તૈયાર કરાવવા. અન્યથા નાના ધોરણોમાં શ્રવણ કરાવવું.

| ક્રમ | ગીતો / કૃતિ | ધોરણ 1 | ધોરણ 2 | ધોરણ 3 | ધોરણ 4 | ધોરણ 5 | ધોરણ 6 | ધોરણ 7 | ધોરણ 8 |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | રાષ્ટ્રગાન જન-ગણ-મન... | શ્રવણ | શ્રવણ | ગાયન | ગાયન | શિસ્તબદ્ધ ગાન | આદરપૂર્વક ગાન કરે. | | |
| 2. | રાષ્ટ્રગીત વંદેમાતરમ્ | શ્રવણ | શ્રવણ | ગાયન | ગાયન | શિસ્તબદ્ધ આદરપૂર્વક ગાન કરે. | | | |
| 3. | ઝંડાગીત-વિજય વિશ્વ તિરંગા પ્યારા | શ્રવણ | શ્રવણ | ગાયન | ગાયન | શિસ્તબદ્ધ આદરપૂર્વક ગાન કરે. | | | |
| 4. | પ્રાર્થના | શ્રવણ | શ્રવણ | ગાયન | ગાયન | 2 | 2 | 2 | 2 |
| 5. | ભજન | શ્રવણ | શ્રવણ | ગાયન | ગાયન | 2 | 2 | 2 | 2 |
| 6. | જોડકણાં | 5 | 5 | 5 | – | – | – | – | – |
| 7. | બાળગીત | 5 | 5 | 5 | 5 | – | – | – | – |
| 8. | બાળ અભિનય-ગીત | 5 | 5 | 5 | 5 | – | – | – | – |
| 9. | બાળનાટકો | 2 | 3 | 3 | 4 | – | – | – | – |
| 10. | પ્રેરણાગીતો | શ્રવણ | શ્રવણ | શ્રવણ | શ્રવણ | 2 | 2 | 2 | 2 |
| 11. | વૈતાલિક / પ્રભાતફેરીનાં ગીતો, કૂચગીતો | શ્રવણ | શ્રવણ | શ્રવણ | શ્રવણ | 1 | 1 | 1 | 1 |
| 12. | જન્મદિવસ-ગીતો | શ્રવણ | શ્રવણ | શ્રવણ | ગાન 1 | ગુજરાતી 1 | ઈંગ્લિશ 1 | ગુજરાતી 2 | ઈંગ્લિશ 2 |
| 13. | લોકગીતો | શ્રવણ | શ્રવણ | 1 | 1 | 2 | 2 | 2 | 3 |
| 14. | ઋતુગીતો | શ્રવણ | શ્રવણ | 1 | 1 | 1 | 1 | 1 | 1 |
| 15. | ઉત્સવ / પર્વ-ગીતો | શ્રવણ | શ્રવણ | 1 | 1 | 1 | 1 | 1 | 1 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 16. | ઊર્મિગીતો | – | – | શ્રવણ | શ્રવણ | શ્રવણ | 1 | 1 | 1 |
| 17. | પ્રાદેશિક નૃત્યો રાસ-ગરબા-પરંપરાગત નૃત્યો, નૃત્યનાટિકા | નિહાળે | નિહાળે | નિહાળે | 1 | 2 | 2 | 2 | 2 |
| 18. | નાટકો | નિહાળે | નિહાળે | નિહાળે | નિહાળે | 1 | 1 | 1 | 2 |
| 19. | ભવાઈ | નિહાળે | નિહાળે | નિહાળે | નિહાળે | 1 | 1 | 1 | 1 |
| 20. | રાષ્ટ્રીય ચેતનાનાં ગીતો રાષ્ટ્રીય એકતાનાં ગીતો | શ્રવણ | શ્રવણ | શ્રવણ | શ્રવણ | 1 | 1 | 1 | 1 |
| 21. | ગુજરાત ગૌરવનાં ગીતો | શ્રવણ | શ્રવણ | શ્રવણ | શ્રવણ | 1 | 1 | 1 | 1 |

- ધોરણ 1થી 8Lkkt ÃkkXâÃkwMíkfku{kt ykðíkkt fkÔÞkuLkwt økkLk fhkððwt. fkÔÞku rðrðÄ «fkhLkk Au. su ykÃkýu ynªÞkt WÃkh «{kýu rðrðÄ f]ríkykuLkk «fkh ËÞkoÔÞk Au íku {wsçk fhkððkt. yLÞ søÞkyuÚke MktË¼o-økútÚkkuLkku WÃkÞkuøk fheLku yk «fkhLke f]ríkyku çkk¤fkuLku Þe¾ðk «ÞíLk fhðku. çkÄwt fhkððwt s yuðwt Ãký LkÚke. sux÷wt ÚkE Þfu íkux÷wt fhðk «ÞíLk fhðku. ynª rðrðÄ f]ríkykuLkk «fkh {qõÞk Au íkuLkk fhíkkt rðÞu»k Mkkhe çkkçkík nkuÞ íkku íku Ãký fhkðe ÞfkÞ. ykÃkýk rðMíkkh «{kýu Ãký f]ríkyku ÃkMktË fhe ÞfkÞ. WÃkhktík rÞûkf-ykð]r¥k{kt Ãký ÃkkXâ¢{Lku ykÄkhu rðrðÄ «fkhLkk ÃkkXâÃkwMíkfLku ykLkw»kktrøkf økeíkku {qfðk{kt ykÔÞkt Au, suLkku WÃkÞkuøk ðøko¾tz{kt fhe ÞfkÞ.

**પ્રથમ સત્ર**

**ધોરણ 6** | **ગુજરાતી**

**કાવ્ય 2**

# જીવનજ્યોત

ભલે બળું પણ જગ અજવાળુ

દિલે તમન્ના મારી

દિપક જેવી દષ્ટિ આપો

એ જ પ્રાર્થના મારી

સૂરજનો સંદેશો લઈને ઘર ઘર મારે જાવું

હુ જ કોડિયું હું જ દીવડો હું જ મને પ્રગટાવું

જતા આવતા છોને મુજને ગલી મળે અંધારુ

દિપક જેવી.... ભલે બળું

તિમિર મહી હું તે જ ભરુંને બનું અંધની આંખો

મારી જીવતજ્યોતિથી પ્રગટાવું હું દિપક લાખો

પ્રકાશ કેરું પર્વ બનીને બનું ચેતના પ્યારી

દિપક જેવી....

વિચારોનું દિવેલ પૂરી દો સરસ્વતી તવ હાથે

તોફાની વાયુની વચ્ચે સદાય રહેજો સાથે

તેજપુંજની આભા પ્રગટે અંગ-અંગમાં ન્યારી

દિપક જેવી....



## પાઠ 4 — મૂકસેવક મહારાજ

સત્ય અહિંસા ચોરી ન કરવી
વણ જોતું નવ સંઘરવું
બ્રહ્મચર્યને જાતે મહેનત
કોઈ અડે ના અભડાવું
અભય સ્વદેશી સ્વાદ ત્યાગને
સર્વ ધર્મ સરખા ગણવા
આ અગિયાર મહાવ્રત સમજી
નમ્રપણે દૃઢ આચરવા.



## પાઠ 6 — લેખણ ઝાલી નો રહી

### નાટ્યીકરણ : વાર્તા બગલો અને શિયાળ

**શિયાળ :** અરે બગલાભાઈ ! તમે તો મારા પાક્કા દોસ્ત છો, ક્યારેક તો મારા ઘરે આવો.

**બગલો :** શિયાળભાઈ, તમારી વાત સાચી છે પણ આ તળાવનું પાણી છોડીને મને ક્યાંય જવું ગમે જ નહીં.

**શિયાળ :** ના, એમ ના ચાલે કાલે તમારે મારા ઘરે જમવા આવવાનું છે. હું રાહ જોઈશ, સમયસર આવી જજો.

**બગલો :** સારું એમ કરીએ.

(બીજા દિવસે)

**બગલો :** શિયાળભાઈ ! આવું કે ?



**શિયાળ :** આવો આવો બગલાભાઈ, તમારી જ રાહ જોઉં છું, ચાલો જમીએ, મેં સરસ ખીર બનાવી છે.

(શિયાળ ખીર થાળીમાં કાઢીને લાવે છે.)



**શિયાળ :** ચાલો બગલાભાઈ જમો.

(બગલો ખાઈ નથી શકતો. શિયાળ મજાથી ખાય.)

**બગલો :** સારું બગલાભાઈ આવજો. (મનમાં : અરે વાહ, મજા પડી, અહીંયા પણ મેં ખાધું અને ત્યાં પણ મારે જ જમવા જવાનું છે.)



(બીજા દિવસે)

**શિયાળ :** બગલાભાઈ ! ઘરમાં છો કે ? આવું ?

**બગલો :** આવો શિયાળભાઈ, જમવાનું તૈયાર છે. આવો જમીએ. (બગલો કૂંજામાં ખીર ભરીને લાવે છે.)



બન્ને ખાય પણ બગલો ચાંચ વડે ખાઈ શકે અને શિયાળનું મોં કૂંજામાં ના જાય.

(જમીને)

**બગલો :** કેમ શિયાળભાઈ મજા આવીને ? ખીર બરાબર ખાધી ને ?

**શિયાળ :** હા ખૂબ મજા આવી. ચાલો હવે હું જાઉં.



**બગલો :** આવજો શિયાળભાઈ... લુચ્ચા શિયાળે મને ભૂખ્યો રાખ્યો તો મેં પણ તેને પાઠ ભણાવ્યો. જેવા સાથે તેવા...

## કાવ્ય 7 પગલે પગલે

આગે કદમ

આગે કદમ ! આગે કદમ ! આગે કદમ
યારો ફનાના પંથ પર આગે કદમ
આગે કદમ; પાછા જ્યા રસ્તો નથી
રોકાઓના ધક્કા પડે છે પીઠથી
રોતાં નહિ-ગાતાં ગુલાબી તોરથી
આગે કદમ...

બેસી જનારા ! કોણ દેશે બેસવા ?
આ હરઘડી સળગી રહ્યાં યુદ્ધો નવાં
આશા ત્યજો આરામ સેજે લેટવા
આગે કદમ...



## પાઠ 8 બિરબલની યુક્તિ

તું નાનો હું મોટો એવો ખ્યાલ જગતનો ખોટો
આ નાનો આ મોટો કહીને મૂરખ કરતા ગોટો
ખારા જળનો દરિયો ભરીયો મીઠા જળનો લોટો
તરસ્યાને તો દરિયા કરતા લોટો લાગે મોટો
નાના છોડે મહેકી ઊઠે કેવો ગુલાબ ગોટો
મોટા મોટા ઝાડે તમને જડશે એનો જોટો?
મન નાનું તે નાનો, જેનું મન મોટું તે મોટો

## પાઠ 9 પંખીની પાંખમાં પાદર

કુંજમાં કોયલ બોલતી એનો શેરીએ આવે સાદ
હાલને આંબા વાડિયે હજી પોરની તાજી યાદ
પાંદડુએ નહિ પંખીએ એવો ઝૂલતો એનો મોર

કોઈને મોટા મરવા અને કોઈને છે અંકોર
ડોલતી ડાળે ઘૂમીએ આપણ ગજવી ઘેરો નાદ
કુંજમાં...
ઘરનું નાનું આંગણુ ગમે મોકળુ મોટું વન
કોઈનોએ રંજાડ નહિ ને ખેલવા મળે દન
હાલને ભેરુ કાયર જે કોઈ હોય તે રહે બાદ
કુંજમાં...

– રાજેન્દ્ર શાહ

## ધોરણ-6

## હિન્દી

# डाक जगत, डाक लोक




हम डाक है हम डाक थै
हम डाक रहेंगे ....(२)
मिलकर कदम बढायेंगे
आगे-बढते जायेगे
हमको रोक सके ना कोई
हम वायु के वेग है ....हम डाक है

हमें किसीका डर नहि
हम किसीसे कम नहि
डाक-डाक मिल ग्यारह होते
हम तो बडे दिलेर है ....हम डाक है

जीवन सरस बनायेंगे
धन-धान्य उपजायेंगे
दुःखी रहें ना कोई मानव
ऐसी सबकी टेक है ....हम डाक है

## એકમ-3

# समझदार नन्ही



ऐ मालिक तेरे बंदे हम एसे हो हमारे करम,
नेकि पर चले और बदी से डरे,
ताकि हसते हुए निकले दम

ये अंधेरा घना छा रहा तेरा ईन्सान गभरा रहा
वो रहा बेखबर कुछ ना आता नजर
सुख का सूरज छूपा जा रहा
है तेरी रोशनी में जो दम तु अमावस को करदे पूनम
नेकी पर....

जब जुल्मो का हो सामना
तब तुही हमें थामना
वो बुराई करे हम भलाई करे
नहीं बदलेगी ह भावना
बढ उठे प्यार का हर कदम
और मिट्टी बैर का ये भरम
नेकी पर....

बडा कमजोर है आदमी
अभि लाखो है उसमें कमी
पर तु तो खडा है दयालु बडा
तेरी कुपा से धरती थमी
दिया तुने हमे जब जनम
तुही ले लेना हम सबके गम नेकी पर....



## એકમ 4 — गिनती

हम हाथी को गिनती सिखायेगे
हम हाथी को गिनती सिखायेगे
बोल रे हाथी एक तुजे मिलेगी केक
थोडी तुम खाओगे थोडी हम खायेगे ...हम
बोल रे हाथी दो तुजे मिलेगा ढोक
थोडा तुम बजाओगे थोडा हम बजायेगे ...हम
बोल रे हाथी तीन, तुजे मिलेगी बीन
थोडी तुम बजाओगे, थोडी हम बजायेगे ...हम
बोल रे हाथी चार, तुजे मिलेगी कार
थोडी तुम चलाओगे, थोडी हम चलायेगे ...हम
बोल रे हाथी पांच, चल जरा सा नाच
थोडा तुम नोचोगे, थोडा हम नाचेंगे ...हम

## ધોરણ 6 — સામાજિક વિજ્ઞાન

## એકમ 2 — ચાલો, નકશો સમજીએ

ઊગીને પૂર્વમાં આથમતા પશ્ચિમે
સૂરજદાદા મને ગમતા જીરે
ઊગતા સૂરજને આવો નમીએ તો
ડાબે ઉત્તર ને જમણે દક્ષિણ રે
આથમતા સૂરજને આવો નમીએ તો
જમણે ઉત્તર ને ડાબે દક્ષિણ રે
ઉગમણે નમો તો પશ્ચિમ પાછળ રે,
આથમણે નમો તો પૂર્વ પાછળ રે
ઊગીને પૂર્વમાં, આથમતા પશ્ચિમે
સૂરજદાદા મને ગમતા જીરે.



## એકમ 5

# આપણું ઘર પૃથ્વી

મા વસુંધરાને વહાલા વહાલા સૌ સંતાન
મા વસુંધરાને વહાલા વહાલા સૌ સંતાન
મોંઘેરી માવડી, માયાળુ માવડી
એ તો કણના કરે મણ ધાન
વસુંધરા કણના કરે મણ ધાન ....વસુંધરાને
તેજ વાયુ નીરના દેવે દીધેલ દાન,
હૈયે માભોમને છલકાવે ખાનપાન;
એને રોકે ત્યાં જાગે તુફાન
વસુંધરા ને રોકે ત્યાં જાગે તુફાન ....વસુંધરાને
એને ન રાય રંક ભેદની પિછાન
ફૂદડી ફરે સદા સ્નેહે ગુલતાન
નિત્ય ગૂંજે સમાનતાનું ગાન
વસુંધરા ગૂંજે સમાનતાનું ગાન ....વસુંધરાને

## એકમ 6

# સ્થાયી જીવનની શરૂઆત



પશા પટેલના ખેતરમાં તો, ખેતરમાં તો
મજા મજા, ભાઈ, મજા મજા... પશા
છાણનું તો ખાતર નાખ્યું
હળથી તો ખેતર ખેડ્યુ,
સારા સારા દાણા વાવ્યા
મજા મજા, ભાઈ મજા મજા .....પશા
ઝરમર ઝરમર, મેહુલો આવશે,
ખેતર આખું લીલુછમ થાશે,
મોતી મૂઠ શાં ડૂડાં ફાટશે

મજા મજા, ભાઈ, મજા મજા .....પશા

દાણા ખાવા પંખી આવશે

ચકલી આવશે, ચીં ચીં કરશે,

કાગડો આવશે, કા કા કરશે,

ચાડિયો મોટા ડોળા બતાવશે,

મજા મજા, ભાઈ, મજા મજા .....પશા

– નિર્મળાબહેન ઓઝા

## એકમ 7 ગુજરાત : સ્થાન, સીમા અને ભૂપૃષ્ઠ

જય જય ગરવી ગુજરાત (2)
દીપે અરૂણુ પરભાત,
ધ્વજ પ્રકાશશે ઝળળ કસુંબી, પ્રેમશૌર્ય અંકિત
તું ભણવ ભણવ નિજ સંતતિ સહુને, પ્રેમભક્તિની રીત
ઊંચી તુજ સુંદર જાત
જય જય ગરવી ગુજરાત
ઉત્તરમાં અંબામાત,
પૂરવમાં કાળીમાત,
છે દક્ષિણ દિશામાં કરત રક્ષા કુંતેશ્વર મહાદેવ
ને સોમનાથ ને દ્વારકેશ એ પશ્ચિમ કેરા દેવ
છે સહાયમાં સાક્ષાત
જય જય ગરવી ગુજરાત
નદી તાપી નર્મદા જોય,
મહી ને બીજી પણ જોટા
વળી જોય સુભટના જુદ્ધરમણને રત્નાકર સાગર
પર્વત ઉપરથી વીર પૂર્વજો દે આશિષ જયકર

સંપે સોયે સૌ જાત
જય જય ગરવી ગુજરાત
તે અણહિલવાડના રંગ
તે સિદ્ધરાજ જે સંગ
તે રંગથકી પણ અધિક સરસ રંગ થશે સત્વરે માત
શુભ શકુન દીસે, મધ્યાહ્ન શોભશે, વીતી ગઈ છે રાત
જન ઘૂમે નર્મદા સાથ
જય જય ગરવી ગુજરાત

– નર્મદ

## એકમ 8 વિવિધતામાં એકતા

પશ્ચિમમાં ગુજરાત છે. પૂરવમાં બંગાલ છે.
પ્રાણ થકીયે પ્યારો મારો, ભારત દેશ મહાન છે
ગંગા, સિંધુ જેવી સરિતા, ગોદા, કૃષ્ણા, કાવેરી
નીચે દક્ષિણમાં મહેરામણ ગજવે એની જયભેરી
ઉત્તરમાં હિમાલય કેરો મુગટ એને ભાલ છે ....પ્રાણ
ભાષા ગુજરાતી, પંજાબી, મરાઠી, ઉડીયા, બંગાલી
દક્ષિણમાં તામિલ, તેલગુ, કન્નડને વળી મલયાલી
તેજભરી સહુની સહિયારી, હિન્દી કેરી મશાલ છે ....પ્રાણ
હિન્દુ, શીખ કે જૈન, પારસી, મુસ્લિમ કે હો ખ્રિસ્તાની
હળીમળીને સાથ રહીએ, દિલ છે જેના હિન્દુસ્તાની
એક અમારા ગીત, કદમના એક અમારા તાલ છે ...પ્રાણ
આજે માનવની મુક્તિની, હાકલ અહીંથી વાગે છે,
ખંડે ખંડે નવીન આશા, નવા ઉમંગો જાગે છે,
ભારતના શાંતિ પયગામે, દુનિયા આખી ન્યાલ છે ...પ્રાણ

**ધોરણ 6**

# વિજ્ઞાન અને ટેકનોલૉજી

**પાઠ 1**

## ચુંબક : નાટ્યીકરણ (પાત્રપરિચય)



પાત્રો : ગજિયો ચુંબક,

ઘોડાની નાળ આકારનો ચુંબક

સોયાકાર ચુંબક

નળાકાર ચુંબક

ઈંડાકાર ચુંબક

કંકણાકાર ચુંબક

એક બાળકને એક ચુંબક બનાવી છ બાળકને છ ચુંબક બનાવવા, ચુંબકના આકાર પ્રમાણે મ્હોરાં બનાવી બાળકોને પહેરાવી આ પ્રમાણે પરિચય આપવા કહેવું.

દા.ત. ગજિયો ચુંબક : નમસ્કાર, હું ગજિયો ચુંબક, હું તો સીધો ને સપાટ છું. મારે બે ધ્રુવ છે. ઉત્તર અને દક્ષિણ. હું લોખંડને આકર્ષુ છું, મારા ધ્રુવો પોતાના જેવા જ ધ્રુવ સાથે ઝઘડે, પણ પોતાનાથી જુદા ધ્રુવ સાથે દોસ્તી રાખે. એટલે કે મારા ધ્રુવમાં સમાન ધૃવો વચ્ચે અપાકર્ષણ અને અસમાન ધ્રુવો વચ્ચે આકર્ષણ થાય છે.

(આમ અન્ય ચુંબક માટે સંવાદ રચવા.)

**પાઠ 2**

## સજીવ-નિર્જીવ

### સજીવના લક્ષણો દર્શાવતું ગીત



જાંબુડો કોણે વાવ્યો કોણે વાવ્યો કોણે વાવ્યો રે.

જાંબુડો અમે વાવ્યો તમે વાવ્યો સૌએ વાવ્યો રે

પાણી કોણે પાયું કોણે પાયું કોણે પાયું રે

પાણી અમે પાયું તમે પાયું સૌએ પાયું રે.

જાંબુડો કેવડો થયો કેવડો થયો કેવડો થયો રે

જાંબુડો આવડો થયો આવડો થયો આવડો થયો રે
જાંબુડા કેટલા આવ્યા કેટલા આવ્યા કેટલા આવ્યા રે
જાંબુડા આટલા આવ્યા આટલા આવ્યા આટલા આવ્યા રે
જાંબુડા કોણે ખાધા કોણે ખાધા કોણે ખાધા રે
જાંબુડા અમે ખાધા, તમે ખાધા સહુએ ખાધા રે.

## પાઠ 4 બીજ

બીજ માંથી કૂંપળ ફૂટે
ભલે ભાઈ ભલે
કૂંપળમાંથી છોડ થાય, ભલે ભાઈ ભલે
છોડમાંથી ઝાડ થાય ભલે ભાઈ ભલે
ઝાડ ઉપર ડાળ થાય ભલે ભાઈ ભલે
ડાળ ઉપર ફૂલ થાય ભલે ભાઈ ભલે
ફૂલમાંથી ફળ થાય ભલે ભાઈ ભલે
ફળમાંથી બીજ નીકળે ભલે ભાઈ ભલે
ફળ કરીએ હોઈયા ભલે ભાઈ ભલે.



## પાઠ 5 વનસ્પતિને ઓળખીએ

### ઝાડદાદા

ધરતીના જીવોનો આધાર ઝાડદાદા
આપના ઉપકારો ભારોભાર ઝાડદાદા
શ્વાસોશ્વાસે પાંદડાથી ફુવારો છંટાય છે.
હવા તાજી ચોખ્ખી થઈને ઠંડી થઈ જાય છે.
વાદળ ખેંચી વરસાવો વરસાદ ઝાડદાદા.... ધરતી...



પ્રાણવાયુ છૂટો પાડો સૂરજના પ્રકાશથી
અંગારવાયુ છૂટો પાડો સૂરજના સહકારથી
જાત માટે રાંધો છો ખોરાક ઝાડદાદા..... ધરતી...
બળતણ માટે આપો તમે કોલસા ને લાકડા
માળા કે ઘર બાંધવાને આપો તમે લાકડા
ખોરાક માટે ફળ ને સરસામાન ઝાડદાદા.... ધરતી...
છાયાને વિસામો આપો, ધોમધખતા તાપમાં
પથ્થર મારે તેને આપો ફળ તમે હાથમાં
છો ઘણા ઉપકારી ને ઉદાર ઝાડદાદા.... ધરતી...



## પાઠ 6 પાણી

પાણીના પ્રદૂષણ અંગેની ભવાઈ
ગંદી ગટરો કેરા પાણી જળાશયમાં ઠલવાતાં
કારખાનાનાં દૂષિત પાણી કાળખાના બની જાતાં...
ભાઈ કાળખાના બની જાતા... તાક્ થૈયા થૈયા તાક્ થૈ....
સાબુ, સોડા, ઍસિડ જેવા વહે પ્રવાહી કાતાં
મોટા મોટા દંત દેખાડી જીવને ભરખી જાતાં
ભાઈ જીવને ભરખી જાતાં... તાક્ થૈયા થૈયા તાક્ થૈ....
સ્ટીમરોમાં બળેલા ઓઈલ પાણીને ભરમાવે
જીવન જેને કહીએ એ જીવલેણ થઈ જાયે
ભાઈ જીવલેણ થઈ જાયે... તાક્ થૈયા થૈયા તાક્ થૈ....
'નીર' હતો જે પીર જલધિનો તેનાં હીર હણાયા
માછી, કાચબા, દેડકા જેવા જળરક્ષક ભરમાણા
ભાઈ જળ રક્ષક ભરમાણાં... તાક્ થૈયા થૈયા તાક્ થૈ....
છારી, લીલ, સેવાળને કરારો ક્ષાર ભળે વિચિત્ર
અપવિત્ર એ થયું છે સઘળે જે કરતું હતું પવિત્ર
ભાઈ કરતું હતું પવિત્ર... તાક્ થૈયા થૈયા તાક્ થૈ....

# પાઠ 10 ધ્વનિ

હણાઈ સૌની શાંતિ સાજે અવાજ બન્યો છે મેલો...
ઘોંઘાટ ચારેબાજુ વધતાં માણસ બન્યો છે ઘેલો
ભાઈ માણસ બન્યો છે ઘેલો....
ડેરીમાં સાયરન વાગે ને રેડિયો રણકી ઊઠે
ઘંટ નગારા ગરજે રોજે, બૅન્ડ વાજાં ભૂંકે
ભાઈ બૅન્ડ વાજાં ભૂંકે.
મોટર, રીક્ષા, ટ્રક, વિમાનના અવાજ કર્કશ થાતાં
ભોં... ભોં... પી... પી... ઘરરર થાતાં કાળજા કંપી જાતા
ભાઈ કાળજા કંપી જાતા...
આગગાડીના એન્જિન પાડે રાક્ષસ જેવા ઘાંટા
કારખાનાના અવાજ જાણે કાનમાં વાગે કાંટા
ભાઈ કાનમાં વાગે કાંટા તાક....
સૌથી સુખી બહેરો માણસ મને જગતમાં લાગે
ખસ ખોટું કાંઈ સાંભળે નહિને, નિજ મસ્તીમાં મ્હાલે
ભાઈ નિજ મસ્તીમાં મ્હાલે તાક...



## સંસ્કૃત

યા કુન્દેન્દુ તુષાર-હાર ધવલા,
યા શુભ્ર વસ્ત્રા વૃતામ્ ।
યા વીણા વરદંડ-મંડિતકરા,
યા શ્વેત પદ્માસના ॥
યા બ્રહ્મચ્યુત શંકર પ્રભૃતિભી;
દેવૈ, સદા, વન્દિતાં ।
સા મામ પાતુ સરસ્વતી ભગવતી,
નિઃશેષ જાડ્યાપહા ॥

# ધોરણ 6 (શાસ્ત્રીય સંગીત)

## વ્યાખ્યા (ગાયન)

1. **સંગીત** - ગાયન, વાદન અને નૃત્ય આ ત્રણે કળાના સુમેળને સંગીત કહેવાય છે.
2. **આરોહ** - સંગીતના સ્વરોને ચડતાં ક્રમમાં ગાવા કે વગાડવાની ક્રિયાને આરોહ કહેવાય છે.
3. **અવરોહ** - સંગીતમાં સ્વરોને ઊતરતા ક્રમમાં ગાવાની કે વગાડવાની ક્રિયાને અવરોહ કહેવાય છે.
4. **નાદ** - સંગીત ઉપયોગી મધુર અવાજને નાદ કહેવાય છે. (જેની આંદોલન સંખ્યા નિયમિત હોય છે.) દા. ત., તાનપુરાનો અવાજ
5. **ઘોંઘાટ** - સંગીત બિનઉપયોગી કર્કશ અવાજને ઘોંઘાટ કહેવાય છે. (જેની આંદોલન સંખ્યા અનિયમિત હોય છે.) દા.ત ટ્રાફિકનો અવાજ
6. **સ્થાઈ** - ગીતનાં બે ભાગ કરવામાં આવે છે. જેમાં પ્રથમ ભાગને સ્થાઈ કહેવાય છે. સ્થાઈ હંમેશાં એક જ હોય છે.
7. **અંતરા** - ગીતનાં બે ભાગ કરવામાં આવે છે. જેમાં બીજા ભાગને અંતરા કહેવાય છે. અંતરા ગમે તેટલાં હોઈ શકે છે.

### (વાદન)

1. **લય** - સંગીતમાં એકસરખી ગતિને લય કહેવાય છે.
2. **તાલ** - ગાયન કે વાદનની ગતિ માપવાનાં સાધનને તાલ કહેવાય છે.
3. **સમ** - તાલની પહેલી માત્રાને સમ કહેવાય છે.

## ક્રિયાત્મક (ગાયન)

### અલંકાર ૧

**આરોહ** - સા રે ગ મ પ ધ ની સાં

**અવરોહ** - સાં ની ધ પ મ ગ રે સા

### અલંકાર ૨

**આરોહ** - સાસા રેરે ગગ મમ પપ ધધ નીની સાંસાં

**અવરોહ** - સાંસાં નીની ધધ પપ મમ ગગ રેરે સાસા

## અલંકાર ૩

**આરોહ** - સારેગ રેગમ ગમપ મપધ પધની ધનીસાં

**અવરોહ** - સાંનીધ નિધપ ધપમ પમગ મગરે ગરેસા

## ક્રિયાત્મક (વાદન)

- તબલાંના ભાગોનું જ્ઞાન
- નીચેના બોલ તબલા પર વગાડતાં શીખવીએ
  ધા, ધીં, ના




### તાલ - દાદરા

માત્રા - 6
તાલી - 1
ખાલી - 4
ખંડ - 2 (3 + 3)

બાજ - બંધ
વાદ્ય - તબલા
ગાયકી - ગઝલ, ભજન, ઠુમરી

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| માત્રા- | 1 | 2 | 3 | 4 | 5 | 6 |
| બોલ - | ધા | ધીં | ના | ધા | તીં | ના |
| ચિહ્ન - | x | | | o | | |

ઉપરોક્ત તાલ હાથથી તાળી આપીને બોલતાં શીખવવું.

# દ્વિતીય સત્ર

## માસવાર આયોજન

### વિષય : સંગીત (દ્વિતીય સત્ર) – ધોરણ 6

| ક્રમ | માસ | તાસ | સમય | વિષયવસ્તુ |
|---|---|---|---|---|
| 1. | નવેમ્બર | 1 | 35 મિનિટ | प्रार्थना गीत – तु ही मोरी माँ<br>– નાગદમન (નરસિંહ મહેતા) |
| | | 2 | ” | – લોકગીત<br>– કોઈ હી સાંભરે નૈ.. (ઝવેરચંદ મેઘાણી) |
| 2. | ડિસેમ્બર | 3 | ” | – વાહ રે ઘાયલ કચ્છનું પાણી |
| | | 4 | ” | – ગઝલ - નદીની રેતમાં (આદિલ મનસૂરી) |
| | | 5 | ” | – પ્રકૃતિગીત<br>– एक ॐ कार गाँधीबापु |
| 3. | જાન્યુઆરી | 6 | ” | – દેશભક્તિ ગીતો<br>– જ્યાં જ્યાં વસે એક ગુજરાતી (અરદેશર ખબરદાર) |
| | | 7 | ” | – इचकदाना<br>– રાષ્ટ્રગીત, વંદેમાતરમ્ ગીત |
| | | 8 | ” | – इन्साफ की डगर पे...<br>– કાવ્યગાન |
| 4. | ફેબ્રુઆરી | 9 | ” | – અલંકાર (વ્યાખ્યા)<br>– થાટ<br>– જાતિ |
| | | 10 | ” | – મારું ગામડું ગોરું જોઈ લ્યો<br>– किताबे कुछ कहना चाहती है। |
| | | 11 | ” | – જૅમ્સ વૉટ ઍંજન કે દાતા |
| 5. | માર્ચ | 12 | ” | – હોળીગીત<br>– झुमो नाचो |
| | | 13 | ” | – કાવ્યગાન<br>– તાલ-હીંચ |
| | | 14 | ” | – અલંકાર |

## અલંકાર 4 (તાલ – કહેરવા)

**આરોહ :** સારેગગ, રેગમમ, ગમપપ, મપધધ, પધનીની, ધનીસાંસાં

**અવરોહ :** સાંનીધધ, નીધપપ, ધપમમ, પમગગ, મગરેરે, ગરેસાસા

## અલંકાર 5 (તાલ – કહેરવા)

**આરોહ :** સારેગમ, રેગમપ, ગમપધ, મપધની, પધનીસાં

**અવરોહ :** સાંનીધપ, નીધપમ, ધપમગ, પમગરે, મગરેસા

## અલંકાર 6 (તાલ – જપતાલ)

**આરોહ :** સારેસારેગ, રેગરેગમ, ગમગમપ, મપમપધ, પધપધની, ધનીધનીસાં

**અવરોહ :** સાંનીસાંનીધ, નીધનીધપ, ધપધપમ, પમપમગ, મગમગરે, ગરેગરેસા

## તાલ – હીંચ

| | |
|---|---|
| માત્રા-4 | ખંડ-2 |
| તાલી-1 | બાજ-બંધ |
| ખાલી-3 | વાદ્ય-તબલા |

| 1 | 2 | 3 | 4 |
|---|---|---|---|
| ધીંન | ગીન | તીંન | કીન |
| X | | 0 | |

## વ્યાખ્યા

- **થાટ :** સ્વરોનો એવો શબ્દસમૂહ કે જેમાંથી રાગની ઉત્પત્તિ થાય તેવા સ્વર સમૂહને થાટ કહે છે. ઉત્તર હિન્દુસ્તાની પદ્ધતિમાં કુલ 10 થાટ છે. થાટ એ રાગનો પિતા કહેવાય છે.

  દા.ત., કલ્યાણ, બિલાવલ, કાફી...

- **જાતિ :** રાગમાં આવતાં સ્વરોની સંખ્યા પરથી રાગની જાતિ નક્કી થાય છે. દા.ત., પાંચ સ્વર - ઓડવ જાતિ, છ સ્વર ષાડ્વ જાતિ અને સાત સ્વર સંપૂર્ણ જાતિ. રાગની કુલ ત્રણ મૂળ જાતિ છે. તે ઉપરાંત નવ પેટા જાતિ છે.

- **અલંકાર :** સ્વરોના સમૂહ અથવા જૂથને અલગ-અલગ રીતે ચડતા-ઊતરતા તાલબદ્ધ રીતે ગાવાની ક્રિયાને અલંકાર કહેવાય છે.

### અલંકાર 7 (તાલ – એકતાલ)

**આરોહ :** સાગ રેમ ગપ મધ પની ધસાં

**અવરોહ :** સાંધ નીપ ધપ પગ મરે ગસા

### અલંકાર 8 (તાલ – રૂપક)

**આરોહ :** સારેગ સારેગમ રેગમ રેગમપ ગમપ ગમપધ
મપધ મપધની પધની પધનીસાં

**અવરોહ :** સાંનીધ સાંનીધપ નીધપ નીધપમ ધપગ ધપમગ
પમગ પમગરે મગરે મગરેસા

## ધોરણ 6 ગુજરાતી

## એકમ 10 આલાલીલા વાંસળિયા

વા વાયાને વાદળ ઉમટ્યાં, ગોકુળમાં ટહુક્યા મોર,
મળવા આવો સુંદરવર શામળિયા.
તમે રમવા તે ના આવો શા માટે, નહીં આવો તો નંદજીની આણ,
મળવા આવો સુંદરવર શામળિયા.
તમે ગોકુળમાં ગૌધણ ચારંતા, તમે છો રે સદાયના ચોર,
મળવા આવો સુંદરવર શામળિયા.
તમે કાળી તે કામળી ઓઢંતા, તમે ભરવાડના ભાણેજ,
મળવા આવો સુંદરવર શામળિયા.
તમે વ્રજમાં તે વાંસળી વાજંતા, તમે ગોપીઓના ચિત્તચોર,
મળવા આવો સુંદરવર શામળિયા.
મહેતા નરસૈંયાના સ્વામી શામળિયા, અમને તેડી રમાડ્યા રાસ,
મળવા આવો સુંદરવર શામળિયા.

# એકમ 12 રાવણનું મિથ્યાભિમાન



જળ કમળ છાંડી જાને બાળા, સ્વામી અમારો જાગશે,
જાગશે તને મારશે, મને બાળહત્યા લાગશે - ટેક.
કહે રે બાળક તું મારગ ભૂલ્યો, કે ત્હારા વેરીએ વળાવિયો,
નિશ્ચે તારો કાળ જ ખૂટયો, અહીંયા તે શીદ આવિયો ?
નથી નાગણ હું મારગ ભૂલ્યો, નથી મારા વેરીએ વળાવિયો,
મથુરા નગરીમાં જુગટું રમતાં, નાગનું શીશ હું હારિયો.
રંગે રૂડો રૂપે પૂરો, દીસંતો કોડીલો કોડામણો,
તારી માતાએ કેટલા જન્મ્યા, તેમાં તું અળખામણો ?
મારી માતાએ બેઉ જન્મ્યા તેમાં હું નટવર નાનડો,
જગાડ તારા નાગને, મારું નામ કૃષ્ણ કાનડો.
લાખ સવાનો મારો હાર આપું, આપું રે તુજને દોરિયો,
એટલું મારા નાગથી છાનું આપું તુજને ચોરીઓ,
શું કરું નાગણ હાર તારો, શું કરું તારો દોરિયો ?
શાને કાજે નાગણ તારે, કરવી ઘરમાં ચોરીઓ ?
ચરણ ચાંપી મૂછ મરડી, નાગણે નાગ જગાડિયો,
"ઊઠોને બળવંત કોઈ, બારણે બાળક આવિયો"
બેઉ બળિયા સાથે વળગિયા, શ્રીકૃષ્ણે કાળીનાગ નાથિયો,
સહસ્ત્ર ફેણાં ફૂંકવે જેમ, ગગન ગાજે હાથિયો.
નાગણ સૌ વિલાપ કરે જે, નાગને બહુ દુઃખ આપશે,
મથુરા નગરીમાં લઈ જશે, પછી નાગનું શીશ કાપશે.
બેઉ કર જોડી વિનવે, "સ્વામી ! મૂકો અમારા કંથને"
અમે અપરાધી કાંઈ ન સમજ્યાં, ન ઓળખ્યા ભગવંતને"
થાળ ભરી સગ મોતીડેથી શ્રીકૃષ્ણ રે વધાવિયો,
નરસૈંયાના નાથ પાસેથી, નાગણે નાગ છોડાવિયો.

# એકમ 13

# સાગરકાંઠાનો પ્રવાસ



નદીની રેતમાં રમતું નગર મળે ના મળે.
ફરી આ દૃશ્ય સ્મૃતિપટ ઉપર મળે ના મળે.
ભરી લો શ્વાસમાં એની સુગંધનો દરિયો
પછી આ માટીની ભીની અસર મળે ના મળે...

નદીની રેતીમાં...

પરિચિતોને ધરાઈને જોઈ લેવા દ્યો
આ હસતાં ચહેરા આ મીઠી નજર મળે ના મળે.
ભરી લો આંખમાં રસ્તાઓ બારીઓ ભીંતો
પછી આ શહેર આ ગલીઓ આ ઘર મળે ના મળે

નદીની રેતમાં...

રડી લો આજ સંબંધોને વીંટળાઈને
પછી કોઈને કોઈની કબર મળે ના મળે.

નદીની રેતમાં...

વળાવા આવ્યા છે એ ચહેરા ફરશે આંખોમાં
સફરમાં ભલે કોઈ હમસફર મળે ના મળે.

નદીની રેતમાં...

વતનની ધૂળથી માથું ભરી લઉં 'આદિલ'
અરે આ ધૂળ પણ પછી ઉમ્રભર મળે ના મળે.

નદીની રેતમાં...

– આદિલ મનસૂરી

## એકમ 15 ગુજરાત મોરી મોરી રે



જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત !
જ્યાં જ્યાં બોલાતી ગુજરાતી, ત્યાં ત્યાં ગુર્જરની મહોલાત
જ્યાં જ્યાં વસે...ગુજરાત !

ઉત્તર, દક્ષિણ, પૂર્વ કે પશ્ચિમ જ્યાં ગુર્જરના વાસ,
સૂર્યતણાં કિરણો દોડે ત્યાં સૂર્યતણો જ પ્રકાશ
જેની ઉષા હસે હેલાતી, તેનાં તેજ પ્રફુલ્લ પ્રભાત,
જ્યાં જ્યાં વસે....ગુજરાત !

ગુર્જર વાણી, ગુર્જર લહાણી, ગુર્જર શાણી રીત,
જંગલમાં પણ મંગલ કરતી ગુર્જર ઉદ્યમ-પ્રીત,
જેને ઉર ગુજરાત હુલાતી તેની સુરવન તુલ્ય મિરાત,
જ્યાં જ્યાં વસે....ગુજરાત

કૃષ્ણ, દયાનંદ, દાદા કેરી પુણ્ય વિરલ રસ-ભોમ
ખંડ ખંડ જઈ ઝૂઝે ગર્વે કોણ જાતને કોમ !
ગુર્જર ભરતી ઉછળે છાતી ત્યાં રહે ગરજી ગુર્જર માત,
જ્યાં જ્યાં વસે......ગુજરાત !

અણકીધાં કરવાના કોડે અધૂરાં પૂરાં થાય,
સ્નેહ, શૌર્યને સત્યતણા ઉર, વૈભવરાસ રચાય.
જય જય જન્મ સફળ ગુજરાતી, જય જય ધન્ય અદલ ગુજરાત !
જ્યાં જ્યાં વસે....ગુજરાત !

— અરદેશર ફ. ખબરદાર

## એકમ 16

# માતૃહૃદય

**1**



કોઈ દી સાંભરે નૈ મા મને કોઈ દિ સાંભરે નૈ.

કેવી હશે ને કેવી નૈ મા મને કોઈ દિ સાંભરે નૈ.

કોક કોક વાર વળી રમ્મત વચાળે મારા કાનમાં ગણગણ થાય,

હુતુતુતુની હડિયાપાટીમાં માનો શબદ સંભળાય,

મા જાણે હિંચકોરતી વઈ ગઈ, હાલાંના સૂર થોડા વેરતી ગઈ.

– કોઈ દી...

શ્રાવણની કોક કો' વે'લી સવારમાં સાંભરી આવે બા,

પારિજાતકની મીઠી સુગંધ લઈ વાડીએથી આવતો વા,

દેવને પૂજતી ફૂલ લૈ લૈ મા એની મ્હેક મ્હેક મેલતી ગઈ.

– કોઈ દી...

સૂવાના ખંડને ખૂણે બેસીને કદી આભમાં મીટ માંડુ,

માની આંખો જ જાણે જોઈ રહી છે મને એમ મન થાય ગાંડુ,

તગમગ તાકતી ખોબલે લૈ, ગગનમાં એ જ દગ ચોડતી ગૈ.

– કોઈ દી...

– ઝવેરચંદ મેઘાણી

# 2

અનુભવનો અખૂટ ખજાનો
આત્મવિશ્વાસે છલકે
બીજાની સેવા કરવામાં,
જરીકે નાનમ ન સમજે.
બીજા માટે જાતની પણ,
કદી ન કરતી પરવા.
જીવન એવું જીવી ગઈ,
એની શીખ અવિરત છલકે
કહેતી અદમ હોય અઢી દિ’નો,
ને માંદગી પાછી ફરતી,
કુટુંબ આખાનો જાણે વડલો,
સગાંસ્નેહી સહુ આવે.
પીડા લઈને આવતાં સઘળા
સુખદુઃખ લઈને જાય
વડીલપણાનો મોભો જાળવી,
સૌને છાંયો દેતી,
સ્થૂળ શરીરે નથી ભલે
બા રોમરોમ રણઝણે.
સૌમાં એની છાલક ઊભરે,
શ્રદ્ધાંજલીમાં શબ્દો ખૂટે
માંગુ એ જ એની પાસે
કુટુંબ, પ્રેમ, વાત્સલ્યભાવના
સદા વહે સરવાણી
બા અમારા સૌને હૈયે આવે કરવા ઉજાણી.



— જોગેશ્વરી છાયા

# એકમ 17

# સુગંધ કચ્છની

ભાંભળું તોયે ભીંજવે ભાવે,
વણબોલાવ્યું દોડતું આવે.
હોય ભલે ના આંખની ઓળખ,
તાણ કરીને જાય એ તાણી,
વાહ રે 'ઘાયલ' કચ્છનું પાણી !



જય હિલોળા હરખે લેતું,
હેતની તાળી હેતથી દેતું.
હેત હરખની અસલી વાતું,
અસલી વાતું જાય ન તાણી,
વાહ રે 'ઘાયલ' કચ્છનું પાણી !

આગવી બોલી બોલતું જાયે,
પંખી જેમ કલ્લોલતું જાયે
ગૂંજતું જાયે ફૂલનું ગાણું,
વેરતું જાયે રંગની વાણી,
વાહ રે 'ઘાયલ' કચ્છનું પાણી !



સ્નેહનું પાણી શૂરનું પાણી,
પોતાના પ્રચંડ પૂરનું પાણી.
હસતું રમતું રણમાં દીઠું,
સત અને સિન્દૂરનું પાણી,
વાહ રે 'ઘાયલ' કચ્છનું પાણી !

## પૂરક વાચન

## એકમ 3 રૂપાળું મારું ગામડું



મારું ગામડું ગોરું જોઈ લ્યો !
એમાં ધબકે પ્રાણ એ જોઈ લ્યો !
અહીં વન, ઉપવનનો પાર નથી !
અહીં સુંદર સુમનનો પાર નથી !
અહીં ફૂદાં, પતંગનો પાર નથી !
પેલી ઉષાનાં રંગોને જોઈ લ્યો !
– મારું ગામડું

અહીં નિત નિત ઝરણાં વહેતાં રે !
અહીં હરણાં, સસલાં કૂદતાં રે !
અહીં કોકિલ, કેકા કૂજતાં રે !
પેલા મેઘધનુષને જોઈ લ્યો !
– મારું ગામડું

અહીં ઝાલર રણઝણ વાગે છે !
અહીં ગોરસ ઘમઘમ ગાજે છે !
અહીં તાલ તંબૂરના બાજે છે !
તમે તાલે ભજનના ડોલી લ્યો !
– મારું ગામડું

તમે ઘી, દૂધ, મધને વાણી લ્યો !
તમે પોંકને ઓરો વાણી લ્યો !
તમે માનવીની મીઠાશ વાણી લ્યો !
તમે શ્રમનો વૈભવ જોઈ લ્યો !
– મારું ગામડું

ધોરણ 6

# हिन्दी

## એકમ 9

## इतनी शक्ति हमें देना दाता



तु ही, तु ही मोरी माँ ...शारदे माँ
ज्ञानदायीनी माँ, शारदे माँ
चाहे अंधेरा घना सा ही हो,
चाहे किनारा दीखता न हो,
क्यूँ मै डरुँ, क्यूँ मै डूबुँ
क्योंकि तु ही तो है मोरी माँ ...शारदे माँ
चाहे अकेला सफर ही तो हो
चाहे रास्ता कठिन ही तो हो,
क्यूँ मैं रुकुँ क्यूँ मैं थकुँ
क्योंकि तु ही तो है मोरी माँ ...शारदे माँ
चाहे सफलता मिलती न हो
चाहे कोई जीत दिखती न हो
क्यूँ मैं मरुँ, क्यूँ मैं हारुँ,
क्योंकि तु ही तो है मोरी माँ ...शारदे माँ...

— कौशल छाया

## એકમ 10

## अनूठे इन्सान



एक ओमकार गाँधीबापु गाँधीबापु
सत्य की महिमा समजानेवाला
अहिंसा का रास्ता दिखानेवाला
निर्बल में प्राण फूँकनेवाला गाँधीबापु गाँधीबापु
जनमन में तु ही बसा है,
कणकण में तु ही रमा है
तु ही महात्मा, तु ही परमात्मा गाँधीबापु गाँधीबापु
श्रम की महत्ता सीखलानेवाला
प्रेम को विश्व में फैलानेवाला
सादगी से जीवन जीनेवाला गाँधीबापु, गाँधीबापु
हरि के जन को अपनाया
मानवधर्म फैलाया
प्रेमपूजारी तु, हिंद की खुमारी तु गाँधीबापु, गाँधीबापु

— डॉ. सुशील धर्माणी

# એકમ 11

# जरा मुस्कुराइए

इचकदाना बीचकदाना, दाने उपर दाना इचकदाना
छज्जे के उपर लड़की नाचे लड़का है दिवाना
बोलो क्या "प्रनाम"?
छोटी-सी छोकरी लालबाई नाम है
पहेने वो घाघरा एक पैसा दाम है
मुँह में सब के आग लगाये
आता है रुलाना...इचकदाना
बोलो क्या ? **"मिरची"**...





हरी थी मन भरी थी
लाख मोती जड़ी थी,
राजाजी के बाग मे
दुशाला ओढे खड़ी थी
कच्चे पक्के बाल है उसके,
मुखडा है सुहाना...इचकदाना
बोलो क्या ? **"भुट्टा"**

एक जानवर ऐसा जिस के दुम पर पैसा
सर पे है ताज भी बादशाह के जैसा
बादल देखे छमछम नाचे
अलबेला मस्ताना... इचकदाना
बोलो क्या ? **"मोर"**



## એકમ 12 पुस्तक हमारी मित्र ( पत्र )

किताबें कुछ कहना चाहती है ।
अब किताबों में चिड़िया चहचहाती है ।
किताबों में खेतीयाँ लहलहाती है ।
किताबों में झरने गुनगुनाते है ।
परियों के किस्से सुनाते है ।
किताबों में रॉकेट का राज है ।
किताबों में सायन्स की आवाज है ।
किताबों में कितना बड़ा संसार है ।
किताबें ज्ञान की भरमार है ।
क्या तुम इस संसार में नहि जाना चाहोगे ?
किताबे कुछ कहना चाहती है ।
ये तुम्हारे पास रहना चाहती है ।
– सफ़दर हाशमी



## એકમ 13 जय विज्ञान की

जेम्स वॉट इंजन के दाता,
स्टीवेन्सन रेलप्रदाता ।
मॉर्स तार को लेकर आये
पुल्टन ने जलयान चलाये ॥
छापे के पितु गुटेनबर्ग ।
पन्नडुब्बी के हॉलेन्ड ।
ए. जी. बेल फोन के
डाकटिकट के है रॉलेन्ड ॥
तार मार्कोनी का सुखकर,
मोटर के निर्माता डेम्लर ।
मि. जॉनसन की दूरबीन,
एक्स किरन के रोन्टजेन ॥
वायुयान बनाया जैप्लीन ने,
किया विश्वकल्याण ।





टाइपराइटर बना सुखद,
बनबैठे शॉल्स महान ॥
टॅन्को का निर्माता स्विटन,
चलचित्रों का है एडीसन,
स्युइंग मशीन होव की देन,
वॉटरमॅन का फाउन्टन पॅन ॥
फोरेनहाइट का थर्मोमीटर,
अजब दिखाता शान,
गुडइयर ने रबर बनाकर
की यात्रा आसान
एसे ही यदी कर पाए हम, सब भी आविष्कार ।
गुण गाएगा सदा हमारे हो कृतज्ञ संसार ॥





## એકમ 14 न्याय

इन्साफ की डगर पे, बच्चो दिखाओ चल के,
ये देश है तुम्हारा नेता तुम्ही हो कल के।

दुनिया के रंज सहना और कुछ न मुँह से कहना
सच्चाइयों के बल पे, आगे को बढ़ते रहना
रख दोगे एक दिन तुम, संसार को बदल के

अपने हो या पराये, सब के लिये हो न्यारे
देखो कदम तुम्हारा, हरगिज् न डगमगाये
रस्ते बडे कठिन है चलना सम्भल सम्भल के

इन्सानियत के सर पे इज्जत का ताज रखना
तनमन की भेंट देकर, भारत की लाज रखना
जीवन नया मिलेगा अंतिम चिता में डालके

— शकील बदायुनी



## એકમ 15 यह भी एक परीक्षा



झुमो नाचो गाओ पढो खाओ पीओ ओर एश करो,
ये जिन्दगी एक खेल है, इसे मौज से जरा जी लो तुम
यहाँ जीत है तो कहीं हार भी,
मुस्कानों की भरमार भी,
बहते आँसु दो-चार भी...ये जिन्दगी
कदम बढाओ, आगे बढो तुम,
चाहे हो मुश्किले।
राह के काँटे अपने आप ही
बनकर फूल खीले॥
यहाँ घाव है मरहम भी,
यहाँ दोस्त है दुश्मन भी,
धिक्कत है है आराम भी...ये जिन्दगी
गिरने से घबराओ नहि तुम,
ईश्वर साथ चले,
अपने आप ही पास आयेगी,
ये तुम्हारी मंझिले
यहाँ डर है तो हिम्मत भी
यहाँ नफरत है तो प्रीत भी
कराहटें है तो संगीत भी, ये जिन्दगी

– जे. के. काला



# શિક્ષક નોંધ

# શિક્ષક નોંધ

# શિક્ષક નોંધ

# શિક્ષક નોંધ